દાખલ તારીખ : ૩૦/૦૪/૨૦૦૫
રજી. તારીખ : ૩૦/૦૪/૨૦૦૫
ફેસલ તારીખ : ૧૬/૦૧/૨૦૨૫
સમયગાળો : ૧૯ ૦૮ ૧૭
વર્ષ માસ દિવસ

અમદાવાદના મે. સ્મોલ કોઝ કોર્ટ સમક્ષ (કોર્ટ નં. ૫),

મુ. અમદાવાદ
સમરી દિવાની મુ.નં. ૩૨૨/૨૦૨૨
(જુના નં. ૮૩૦/૨૦૦૫)
આંક–૯૭

સોમ ઈલેકટ્રોનીકસ નામની પેઢીના પ્રોપરાઈટર

શ્રી કુંતલ મહેતા,

પુખ્ત, ધંધોઃ વેપાર,

ઠે. એસ–૨૪, વિક્રમ, આશ્રમ રોડ, અમદાવાદ

..................વાદી

વિરૂધ્ધ

ઈ–સીટી એન્ટરટેઈનમેન્ટ (ઈ) પ્રા. લી.

રજી. ઓફીસ ૧૩૫, કોન્ટીનેન્ટલ બીલ્ડીગ,

એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ

............પ્રતિવાદી

બાબત : **દાવો રૂા. ૧૬,૯૩,૦૨૩.૦૬ પૈસા ના આંકથી**

વાદી તરફે વિ.વ. શ્રી એમ.આર.શાહ

પ્રતિવાદી તરફે વિ.વ. શ્રી જે. એ. બંધાણીયા

આ દાવાની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

૧. વાદી ઈલેકટ્રીક એન્જીનીયર છે અને ઈલેકટ્રીક કોન્ટ્રાકટરન લાયસન્સ ધરાવે છે. પ્રતિવાદી કંપનીએ ટેન્ડર મારફતે તેમના મલ્ટીપ્લેકસ પ્રોજેકટ માટે ઈલેકટ્રીક ઈન્સટોલેશન ના કામ માટે ટેન્ડર મંગાવેલા. જે અનુસંધાને વાદીએ પોતાનુ ટેન્ડર ભરેલુ અને તેને પ્રતિવાદીએ સ્વીકૃતી આપેલી.

– પ્રતિવાદીએ ટેન્ડર અને કવોટેશન મુજબ વાદીને વર્ક ઓર્ડર આપેલો. પ્રતિવાદીએ ટેન્ડર મુજબની તમામ કામગીરી પ્રતિવાદીએ નીમેલા પ્રોજેકટ કન્સલ્ટન્ટ મે. દલાલ કન્સલટન્ટ ની દેખરેખમાં કરેલી.

– પ્રતિવાદી તેમના બીલ કન્સલ્ટન્ટ મારફત વાદીને મોકલતા હતા અને તે કન્સલટન્ટ દવારા કામની ચકાસણી તથા ખરાઈ કર્યા બાદ પેમેન્ટ સર્ટીફીકેટ પ્રતિવાદીને મોકલતા હતા. આમ, વાદીએ તેમની તમામ કામગીરીના બીલ કન્સલ્ટન્ટ મારફતે પ્રતિવાદીને મકોલી આપેલ છે.

– વાદીએ પ્રતિવાદીએ આપેલ તમામ ઈલકેટ્રીકલ ઈન્સ્ટોલેશનનુ કામ પુર્ણ કરેલ અને ફાઈનલ બીલ નં. આરએ– ૭ પ્રતિવાદીને તા. ૧૨/૧૨/૨૦૦૧ ના રોજ મોકલી આપેલ. જે અન્વયે કન્સલટન્ટ દવારા તેનુ પેમેન્ટ સર્ટીફીકેટ તા. ૨૮/૦૫/૨૦૦૨ ઈશ્યુ કરેલુ.

– વાદી જણાવે છે કે, કુલ ૭ બીલ જુદી જુદી તારીખોએ ઈશ્યુ કરવામાં આવેલ અને તે મુજબ કુલ રૂા. ૬૧,૫૯,૫૯૦.૦૬ પૈસાના બીલ વાદીએ આપેલા હતા.. સદરહુ બીલની રકમો વાદીના હીસાબી ચોપડામાં પ્રતિવાદી ના ખાતે ઉધારવામાં આવેલ છે.

– આ રજુ કરવામાં આવેલ બીલ પૈકી પ્રતિવાદી તરફથી ચુકવવામાં આવેલ રકમ વાદીએ તેના હિસાબી ચોપડામાં પ્રતિવાદીના ખાતે જમા આપેલ છે. અને તે મુજબ પ્રતિવાદીએ કુલ રૂા. ૪૩,૪૯,૨૪૫/– તથા ટી.ડી.એસ.ની રકમ રૂા. ૧,૧૭,૩૨૨/– મળી કુલ રૂા. ૪૪,૬૬,૫૬૭/– વાદીને પ્રાપ્ત થયેલ છે. આમ, પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ પૈકી આ રકમ બાદ કરતા પ્રતિવાદી પાસેથી વાદીના રૂા. ૧૬,૮૫,૩૮૩.૯૭ પૈસા બાકી લેણા રોકાય છે.

૧.૧ સદરહુ રકમ વસુલ મેળવવા વાદીએ પ્રતિવાદીને અનેક વખત રીમાઈન્ડર મોકલેલ પરંતુ પ્રતિવાદી સદરહુ રકમ ચુકવવા નીષ્ફળ ગયેલ છે. જેથી નાછુટકે વાદીએ તા. ૧૪/૦૩/૨૦૦૫ ના રોજ સ્પીડપોષ્ટ મારફતે પ્રતિવાદીને પત્ર લખેલ જે લેફટ ના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં પ્રતિવાદીએ સદરહુ રકમ સમયમર્યાદામાં ચુકવી આપેલ ન હોય પ્રતિવાદી ૧૮% લેખે વ્યાજ ચુકવવા જવાબદાર થયેલ હોવાનુ જણાવી હાલનો દાવો બાકી લેણી રકમ ૧૮% ના વ્યાજ સાથે વસુલ મેળવવા દાખલ કરેલ છે.

૨. આ કેસ સી.પી.સી.ઓ. ૩૭ અન્વયે દાખલ કરવામાં આવેલ, જેથી નિયત નમુનામાં સમન્સ ફોર એપીરીયન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેની બજવણી થયા બાદ પ્રતિવાદી હાજર થયેલ, ત્યારબાદ સમન્સ ફોર જજમેન્ટની બજવણી થતા પ્રતિવાદીએ બચાવ માટેની પરવાનગી આંક–૧૭ થી રજુ કરેલ જે મારા પુરોગામી વિ.ન્યાયધીશશ્રી દવારા શરતી મંજુર કરેલી જે અન્વયે પ્રતિવાદીને રૂા. ૪,૦૦,૦૦૦/– જમા કરાવવા આદેશ કરવામાં આવેલ છે. આ આદેશ અંતર્ગત પ્રતિવાદીએ આંક –૨૨ થી પુરશીષ રજુ કરી તેઓએ બચાવની અરજીને પોતાનો જવાબ ગણવાની જાહેરાત કરેલ છે.

૨.૧ પ્રતિવાદીએ તેમની બચાવ કરવાની પરવાનગી અરજી(આંક–૧૭) માં એકંદરે વાદીના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, વાદીનો દાવો સમરી દાવા તરીકે ચાલી શકે તેમ નથી. દાવો ચલાવવા આ અદાલતને હકુમત નથી. વાદીએ રજુ કરેલ દસ્તાવેજો / બીલો મુજબ દલાલ કન્સલટન્ટ દવારા સર્ટીફાઈડ કરવામાં આવેલ રકમ રૂા. ૭,૦૩,૨૭૧/– છે જયારે પ્રતિવાદીએ હાલનો દાવો ૧૬,૯૩,૦૦૦/– વસુલ કરવા કરેલ છે. વધુમાં દલાલ કન્સલટન્ટ દવારા નકકી કરવામાં આવેલ રકમ પણ ખરી નથી. વાદીનો દાવો સમયમર્યાદામાં નથી. વાદીના કથન મુજબ પ્રતિવાદીએ છેલ્લા બીલનુ પેમેન્ટ તા. ૦૩/૦૯/૨૦૦૨ ના રોજ કરેલ છે અને તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં નથી. વધુમાં જણાવેલ છે કે, બીલ નં. ૧ માટે પેમેન્ટ તા. ૦૭/૦૬/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ છે. અન્ય બે પેમેન્ટ તા. ૦૯/૦૬/૨૦૦૧ તથા ૧૮૮/૦૮/૨૦૦૧ ના રોજ બીલ નં. ૨ માટે કરવામાં આવેલ છે અને તેથી તા. ૦૧/૧૦/૨૦૦૧ પેમેન્ટ બીલ નં. ૩ કરવામાં આવેલ છે અને તેથી બાકીના તા. ૧૯/૧૦/૦૧, ૧૩/૧૨/૦૧, તા. ૧૦/૦૧/૨૦૦૨ અને તા. ૦૩/૦૯/૨૦૦૨ નુ પેમેન્ટ બીલ નં. ૪ માટે કરવામાં આવેલ છે. જેથી ઓગષ્ટ–૨૦૦૧ બાદ કરવામાં આવેલ બીલ સમયમર્યાદા બહાર છે. આમ, વાદીએ આ ખોટો દાવો કરેલ છે જેથી દાવો રદ થવા પાત્ર છે.

૩. વાદીએ તેમના પક્ષનિવેદનના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

૧.	વાદી કુંતલ મહેતા ની જુબાની	આંક–૩૯
૨.	સાહેદ અશ્વીનભાઈ ભટૃ ની જુબાની	આંક–૮૪

દસ્તાવેજી પુરાવો

ક્રમ	દસ્તાવેજનો પ્રકાર	આંક
૧	વર્ષ ૨૦૦૧–૦૨ ના વાદીના હીશાબી ચોપડે પ્રતિવાદીનો ખાતાના ઉતારાની નકલ	૫૧
૨	વર્ષ ૨૦૦૨–૦૩ ના વાદીના હીશાબી ચોપડે પ્રતિવાદીનો ખાતાના ઉતારાની નકલ	૫૨
૩	વર્ષ ૨૦૦૩–૦૪ ના વાદીના હીશાબી ચોપડે પ્રતિવાદીનો ખાતાના ઉતારાની નકલ	૫૩
૪	વર્ષ ૨૦૦૪–૦૫ ના વાદીના હીશાબી ચોપડે પ્રતિવાદીનો ખાતાના ઉતારાની નકલ	૫૪
૫	પ્રતિવાદીએ આપેલ વર્કઓર્ડર	૫૫
૬	વર્કઓર્ડર સાથેનુ એનેકક્ષર	૫૬
૭	પ્રતિવાદીએ આપેલ વર્કઓર્ડર	૫૭
૮	વર્કઓર્ડર સાથેનુ એનેકક્ષર	૫૮

૯	પ્રતિવાદીએ આપેલ વર્કઓર્ડર	૫૯
૧૦	વર્કઓર્ડર સાથેનુ એનેકક્ષર	૬૦
૧૧	પ્રતિવાદીએ આપેલ વર્કઓર્ડર	૬૧
૧૨	વર્કઓર્ડર સાથેનુ એનેકક્ષર	૬૨
૧૩	દલાલ કન્સલટન્ટનો લેટર	૬૩
૧૪	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૬૪
૧૫	દલાલ કન્સલટન્ટનો લેટર	૬૫
૧૬	દલાલ કન્સલટન્ટનો લેટર	૬૬
૧૭	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૬૭
૧૮	દલાલ કન્સલટન્ટનો લેટર	૬૮
૧૯	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૬૯
૨૦	દલાલ કન્સલટન્ટનો લેટર	૭૦
૨૧	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૭૧
૨૨	દલાલ કન્સલટન્ટનો લેટર	૭૨
૨૩	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૭૩
૨૪	દલાલ કન્સલટન્ટનો લેટર	૭૪
૨૫	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૭૫
૨૬	દલાલ કન્સલટન્ટનો લેટર	૭૬
૨૭	ઉકત લેટર સાથે આવેલ સર્ટીફીકેટ	૭૭
૨૮	વાદીએ પ્રતિવાદીને મોકલેલ પત્રની નકલ	૭૮
૨૯	પત્ર સ્પીડ પોષ્ટ કર્યાની પહોચ	૭૯
૩૦	પત્ર લેફટના શેરાથી પરત આવ્યાના કવરની ઝેરોક્ષ	૮૦
૩૧	રજી. એડી.ની પહોચ	૮૧
૩૨	ઈન્કમટેક્ષ ડીડકશન સર્ટીફીકેટ ફોર્મ–૧૬	૮૨

૩.૧ પ્રતિવાદી તરફથી તેમનો બચાવ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

૧. ધર્મેશ જીતેન્દ્રકુમાર મકવાણાની જુબાની આંક– ૮૮

દસ્તાવેજી પુરાવો

પ્રતિવાદી તરફથી કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૪. પક્ષકારોનો પુરાવો પુરો થયા બાદ વાદીના વિ.વ.શ્રીએ તેમના કેસના સમર્થનમાં આંક – ૯૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જયારે પ્રતિવાદી તરફથી વિ.વ.શ્રીએ રજુ થયેલ પુરાવા, પક્ષનિવેદનોના સંદર્ભમાં આંક– ૯૬ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. પુનરાવર્તન નિવારવા દલીલના મુદદાઓની ચર્ચા ઉપસ્થીત થયેલ મુદા સાથે કરવામાં આવેલ છે.

૫. પક્ષકારો વચ્ચેના વિવાદ નકકી કરવા, રજુ થયેલ પક્ષનિવેદન, દસ્તાવેજોના ઉપરથી મારા પુરાગામી વિ.ન્યાયધીશશ્રીએ આંક–૩૧ થી નીચે મુજબના મુદા ઘડેલ છે.

1. Whether the plaintiff proves the claim in plaint para 14?
2. Whether the plaintiff proves that the defendant has deducted the outstanding amount of the plaintiff's dues and had issued TDS certificate for the year 01.04.2001 to 31.03.2002?
3. Whether the defendants proves that the said suit is barred by law of limitation?
4. Whether the plaintiff is entitled for the interest as claimed in the plaint?
5. Whether the plaintiff is entitled to the relief in the para 14 of the plaint?
6. What order and decree?

૫.૧ ઉકત મુદદાઓના નીચે મુજબ જવાબ આપવામાં આવે છે.

૧. હકારાત્મક

૨. હકારાત્મક

૩. નકારાત્મક

૪. અંશતઃ હકારાત્મક

૫.   અંશતઃ હકારાત્મક

૬.   આખરી હુકમ મુજબ

ઉકત જવાબોના માટેના મારા કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

મુદા નં. ૧ અને ૨

૬. મુદા નં. ૧ અને ૨ એક બીજા સાથે સંકળાયેલ છે, જેથી પુરાવાનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૭. પ્રતિવાદી તરફથી તેમની લેખીત દલીલમાં ગૌણ પુરાવા રજુ કરવા સંબંધી તકરારો ઉઠાવવામાં આવેલી છે. પ્રતિવાદી તરફથી જણાવવામાં આવેલ છે કે, વાદીએ તેની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેઓ તેમના ધંધાના હિસાબો કોમ્પયુટરમાં રાખે છે અને રજુ કરેલા દસ્તાવેજો કોમ્પ્યુટરમાંથી પ્રીન્ટ મેળવી ને રજુ કરેલ છે. વધુમાં સદરહુ દસ્તાવેજોને ગૌણ પુરાવા તરીકે રજુ કરવા માટે વાદી તરફથી ઉધઈ દવારા કાગળો નાશ થયેલ હોવાનુ કારણ જણાવેલ છે જે સંબંધે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આ સંજોગોમાં સદરહુ દસ્તાવેજો ગૌણ પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય નહી અને તે પુરાવામાં વંચાણે લઈ શકાય નહી.

પ્રતિવાદીની સદરહુ દલીલ સાથે હુ સહમત નથી કારણ કે આંક–૫૧ થી ૫૪ ના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ સિવાયના તમામ દસ્તાવેજો વાદી અને પ્રતિવાદી વચ્ચેના વ્યવહારો છે આંક–૫૫ થી આંક –૬૨ ના દસ્તાવેજો પ્રતિવાદી તરફથી ઈશ્યુ કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં તેની સ્થળપ્રત પ્રતિવાદી પાસે હોય તે સ્વાભાવીક છે.

આંક–૬૩ થી આંક–૭૭ ના દસ્તાવેજો દલાલ કન્સલટન્ટના પત્ર તથા તે અંતર્ગતનુ સર્ટીફીકેટ છે અને તે દસ્તાવેજો ઘ્યાને લેતા સદરહુ પત્રો પ્રતિવાદીને દલાલ કન્સલ્ટન્ટ દવારા લખવામાં આવેલ છે અને તેની એક નકલ વાદીને મોકલવામાં આવેલ છે અને તેથી અસલ દસ્તાવેજો પ્રતિવાદીના કબ્જામાં હોવાનુ સ્વાભાવીક છે.

આમ, ઉકત દસ્તાવેજોને ગૌણ પુરાવા તરીકે ગ્રાહય ન રાખી શકાય તેવી દલીલ ટકી શકે નહી. વધુમાં પ્રતિવાદી તરફથી એક દલીલ કરવામાં આવેલ છે કે, વાદીએ પુરાવા અધિનિયમની કલમ ૬૫/બી મુજબનુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રતિવાદી તરફથી આંક – ૯૪ થી સદરહુ સર્ટીફીકેટ રજુ કરેલ છે અને તે ઘ્યાને લેતા આંક– ૫૧ થી ૫૪ ના દસ્તાવેજોને નકારવા માટેનુ કોઈ કારણ બાકી રહેતુ નથી.

આમ, વાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ગૌણ પુરાવા તરીકે ગ્રાહય રાખવાપાત્ર છે.

૮. વાદી અને પ્રતિવાદી વચ્ચે વાણીજયક સંબંધ છે તે હકીકત પુરવાર કરવા માટે વાદી તરફથી આંક–૫૫ થી આંક–૬૨ ના વર્ક ઓર્ડર તથા તે સાથેના એનેક્ષર રજુ કરવામાં આવેલ છે. સદરહુ હકીકતને પ્રતિવાદી તરફથી પડકારવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફથી વાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં વાદીએ જણાવેલ છે કે, *એ વાત ખરી છે કે, પ્રતિવાદીને ત્યાં જેમ જેમ કામ પુરૂ થતુ તેમ તેમ પ્રતિવાદી તબકકાવાર ચુકવણી કરતા. સવાલઃ તમામ તથા પ્રતિવાદી વચ્ચે ઈલે. કામ બાબતેનો કોઈ કરાર થયેલ છે ? જવાબ : પ્રતિવાદીએ મને કામ માટે ઓર્ડર આપેલો અને તેની સાથે જ કામની શરતો નકકી થયેલી જેથી ઓર્ડર તે જ કરાર છે.*

અત્રે એ હકીકત બીનતકરારી છે કે, પ્રતિવાદીએ વાદીને વર્કઓર્ડર આપેલ છે અને તેથી વાદી તથા પ્રતિવાદી વચ્ચે ઈલેકટ્રીક ફીટીંગનો કામકાજ સોપવામાં આવેલ હતુ.

૯. વાદીએ જણાવેલ છે કે, વાદીએ કુલ રૂા. ૬૧,૫૯,૫૯૦.૦૬ પૈસાનુ કામ કરેલ હતુ તે પૈકી પ્રતિવાદીએ કુલ રૂા. ૪૩,૪૯,૨૪૫/– ચુકવી આપેલ તથા રૂા. ૧,૧૭,૩૨૨/– ટી.ડી.એસ. કાપેલ છે. આમ, કુલ રૂા. ૪૪,૬૬,૫૬૭/– ચુકવી આપેલ છે.

સદરહુ હકીકતને સમર્થન આપવા વાદી તરફથી આંક– ૮૨ થી ટી.ડી.એસ. સર્ટીફીકેટ રજુ કરેલ છે. જે પ્રતિવાદી કંપની દવારા વાદીના નામનુ ઈશ્યુ કરવામાં આવેલ છે અને તે મુજબ રૂા. ૧,૧ ૭,૩૨૨/– ટેક્ષની રકમ પ્રતિવાદીએ જમા કરાવેલ હોવાનો ઉલ્લેખ છે અને આ સંજોગોમાં સદરહુ રકમ પ્રતિવાદી એ ટેક્ષની રકમ વાદીને ચુકવવાની થતી રકમમાંથી કાપેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. પ્રતિવાદી તરફથી સદરહુ દસ્તાવેજને નકારવા માટે કોઈ પુરાવો રજુ કરેલ નથી અને આ સંજોગો માં સદરહુ સર્ટીફીકેટને નહી માનવા માટે કોઈ કારણ નથી અને તેથી વાદી મુદા નં. ૨ પુરવાર કરવામાં સફળ રહેતા હોય તેનો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

૧૦. વાદીએ તેને રકમ ચુકવવામાં આવેલ છે તથા રકમ બાકી રહે છે તે દર્શાવવા માટે પોતાના હીસાબી ચોપડે પ્રતિવાદીના ખાતાની નોંધ ઉપર આધાર રાખેલ છે અને તે આ કામે આંક– ૫૧ થી ૫૪ થી રજુ કરેલ છે.

પ્રતિવાદી તરફથી દલીલ કરવામાં આવેલ છે કે, નામ. સર્વોચ્ચ અદાલતે એઆઈઆર ૧૯૬૭ (સુકો) માં પાના નં. ૧૦૫૮ ઉપર જણાવ્યા મુજબ *As per section 234 of Evidence Act, entires in books of account kept in regular courts of business are relevant but such entries by itself are not sufficient evidence to charge*

any person with liability. There has to be further evidence to prove payment of money unless the person to be chared accepts the correctness of the Books of Account and does not challange them ..

પુરાવા અધિનિયમની કલમ ૩૪ મુજબ કોઈ હિસાબી નોંધ જાતે કોઈ જવાબદારી ઉપસ્થીત કરતી નથી પરંતુ તેને સમર્થન આપતા પુરાવા રજુ કરવાના રહે છે. આ કિસ્સામાં આંક–૫૧ થી ૫૪ ની નોંધ ધ્યાને લેતા સદરહુ નોંધ ૦૧/૦૪/૨૦૦૧ થી તા. ૧/૦૩/૨૦૦૫ સુધીના રજુ કરવામાં આવેલ છે. સદરહુ સ્ટેટમેન્ટમાં પ્રતિવાદી તરફથી ચુકવવામાં આવેલ રકમની પણ નોંધ કરવામાં આવેલ છે. એટલુ જ નહી પરંતુ સદરહુ નોંધ આ કીસ્સામાં કુલ–૭ બીલના અનુસંધાનમાં છે અને સદરહુ બીલ પ્રતિવાદી તરફથી નિમાયેલ કન્સલ્ટન્ટ તરફથી હાજર થયેલ સાહેદ અશ્વીનભાઈ ભટ્ટ એ તેમની આંક –૮૪ ની જુબાનીમાં સમર્થન આપેલ છે.

આમ, વાદીના દાવાને ફકત હીસાબી નોંધ નહી પરંતુ તેના સમર્થનમાં રજુ કરવામાં આવેલ બીલ અને તેની પુષ્ટી કરતા સાક્ષીનુ પણ સમર્થન છે. જેથી વાદીના દાવાને જરૂરી દસ્તાવેજી તથા મૌખીક પુરાવાથી સમર્થન મળે છે.

બીજી તરફ પ્રતિવાદી તરફથી તેમના બચાવને તેમના સાક્ષીની જુબાની સિવાય બીજો આધાર રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી તરફથી તેમના કર્મચારી ધર્મેશ મકવાણાએ આંક–૮૮ થી જુબાની રજુ કરેલ છે જેમાં તેઓએ કબુલ કરેલ છે કે તેઓ વાદગ્રસ્ત કામગીરી સંબંધે કોઈ માહીતી નથી તેઓ આ કામગીરી પુર્ણ થઈ ગઈ પછી નોકરીમાં જોડાયેલ છે. તેવી જ રીતે સદરહુ કર્મચારીને જુબાની આપવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય તેવો પણ સચોટ પુરાવો આ કેસમાં રજુ કરવામાં આવેલ નથી અને આ સંજોગોમાં સદરહુ સાહેદની જુબાની હાલના કેસમાં પ્રતિવાદીના બચાવના સંદર્ભમાં અપુરતી છે.

વાદી તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનુ ખંડન કરવા માટે પ્રતિવાદી તરફથી કોઈ નકકર પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં દસ્તાવેજી પુરાવાનુ પુરાવાકીય મુલ્ય જેમનુ તેમ રહેલ છે.

૧૧. પ્રતિવાદી તરફથી બચાવ લેવામાં આવેલ છે કે, વાદી તરફથી તેઓએ સંતોષકારક કામપુર્ણ કરેલ છે તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વાદીએ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, કામનુ ઈન્સ્પેકશન રીપોર્ટ દાવાના કામે રજુ કરેલ નથી. ઈન્સ્પેકશનનુ કામ પ્રતિવાદીના એન્જીનીયરે કરેલ છે અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન બાદ કામ પુરૂ થયુ તે બદલનુ કંપલીશન સર્ટી. મેળવેલ છે એટલે કે વાદીના જણાવ્યા મુજબ થર્ડ પાર્ટી દવારા કામનુ ઈન્સ્પેકશન થયેલ છે કે પ્રતિવાદીના

એન્જીનીયર દવારા ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે તે હકીકત નકકી થઈ શકતી નથી અને વાદી તરફથી વિરોધાભાષી રજુઆત છે. આમ, વાદી તરફથી કમ્પ્લીશન સર્ટી. રજુ કરવામાં આવેલ ન હોય વાદીનો દાવો ટકવાપાત્ર નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાદી પ્રતિવાદી વચ્ચે કામગીરી પુર્ણ થયે કમ્પ્લીશન સર્ટી. રજુ કરવુ તેવી શરત હોવાનો કોઈ બચાવ પ્રતિવાદીએ તેમની બચાવ અરજીમાં લીધેલ નથી અને આ સંજોગોમાં સદરહુ તકરાર પુરાવાના તબકકે ઉઠાવી શકાય નહી. આમ છતા માની લેવામાં આવે કે, વાદી–પ્રતિવાદી વચ્ચે આવી કોઈ શરત હતી તો પણ તે સંબંધે કોઈ દસ્તાવેજી પુરાવો પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. આ સંદર્ભમાં વાદીએ તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ઈન્સ્પેકશન થયુ હોવાનો પુરાવો તેઓએ રજુ કરેલ નથી. વધુમાં સાહેદે જણાવેલ છે કે, ફાઈનલ બીલ તૈયાર થયેલ છે તે કમ્પલીશન સર્ટીફીકેટ છે.

આ કેસમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ઘ્યાને લેતા, વાદી તરફથી ઈશ્યુ કરવામાં આવેલ બીલનુ પેમેન્ટ ચુકવતા પહેલા થયેલ કામની ખરાઈ પ્રતિવાદી દવારા નીમવામાં આવેલ કન્સલ્ટન્ટ મે. દલાલ કન્સલ્ટન્ટ દવારા કરવામાં આવતુ હતુ અને તેની ભલામણના આધારે પ્રતિવાદી વાદીને પેમેન્ટ કરતા હતા. આ સંજોગોમાં જો કન્સલ્ટન્ટ દવારા થયેલ કામની ખરાઈ કે ચકાસણી કરવામાં ન આવે ત્યાં સુધી વાદીને પેમેન્ટ ચુકવાયેલ ન હોઈ શકે. વધુમાં વાદીના સાક્ષી કે જેઓ દલાલ કન્સલટન્ટમાં પ્રોજેકટ મેનેજર હતા અને તેઓ ઈલેકટ્રીક એન્જીનીયર પણ હતા અને તેઓ એ તેમની દેખેરખ હેઠળ આ કામગીરી પુર્ણ કરાવેલ છે. સાહેદ તેમની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટ જણાવે છે કે, એ વાત ખરી છે કે, સ્થળ ઉપર લગાવવામાં આવેલ ઈલે. ઈકવીપમેન્ટનો ટેસ્ટ રીપોર્ટ, કમ્પલીશન સર્ટી. તથા તેના ડ્રોઈગ્ઝ તૈયાર કરવાની જવાબદારી મારી હોય છે. એ વાત ખરી છે કે, મે વાદીને ત્યાં થયેલ ફીટીગમાં કોઈ કંપ્લીસન સર્ટીફીકેટ આપેલ નથી. સાહેદ જણાવે છે કે, એઝ બીલ્ટ ડ્રોઈગ આપીએ તે કમ્પલીશન સર્ટી. ગણાય. આમ, કમ્પ્લીશન સર્ટી. રજુ કરવાની જવાબદારી વાદીની નહી પરંતુ પ્રતિવાદીએ નીમેલા કન્સલટન્ટની હતી અને તે સંજોગોમાં આવી કોઈ જવાબદારી વાદી ઉપર નાંખી શકાય નહી.

૧૨. આમ, ઉકત ચર્ચા મુજબ વાદી કુલ રૂા. ૬૧,૫૯,૫૯૦.૦૬ પૈસાનુ કામ કરેલ હતુ તે પૈકી ચુકવાયેલ રકમ બાદ કરતા સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ તથા બીલ્સ મુજબ વાદીના રૂા. ૧૬,૯૩,૦૨૩/– બાકી લેણા રોકાતા હોવાનુ પુરવાર કરવામાં વાદી સફળ રહે છે. સદરહુ રકમ પ્રતિવાદીએ ચુકવી આપેલ હોય તેવો કોઈ પુરાવો પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં વાદી મુદા નં. ૧ પુરવાર કરવામાં સફળ રહેતા હોય તેનો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

મુદા નં. ૩

૧૩. પ્રતિવાદીએ બચાવ લેતા જણાવેલ છે કે, વાદીના કથન મુજબ પ્રતિવાદીએ છેલ્લા બીલનુ પેમેન્ટ તા. ૦૩/૦૯/૨૦૦૨ ના રોજ કરેલ છે અને તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં નથી. વધુમાં જણાવેલ છે કે, બીલ નં. ૧ માટે પેમેન્ટ તા. ૦૭/૦૬/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ છે. અન્ય બે પેમેન્ટ તા. ૦૯/૦૬/૨૦૦૧ તથા ૧૮૮/૦૮/૨૦૦૧ ના રોજ બીલ નં. ૨ માટે કરવામાં આવેલ છે અને તેથી તા. ૦૧/૧૦/૨૦૦૧ પેમેન્ટ બીલ નં. ૩ કરવામાં આવેલ છે અને તેથી બાકીના તા. ૧૯/૧૦/૦૧, ૧૩/૧ ૨/૦૧, તા. ૧૦/૦૧/૨૦૦૨ અને તા. ૦૩/૦૯/૨૦૦૨ નુ પેમેન્ટ બીલ નં. ૪ માટે કરવામાં આવેલ છે. જેથી ઓગષ્ટ–૨૦૦૧ બાદ કરવામાં આવેલ બીલ સમયમર્યાદા બહાર છે.

સદરહુ કેસ ચાલુ ખાતાના ઉતારા આધારીત છે અને તેથી સમયમર્યાદાના પરીશીષ્ટ માં આપેલ અનુચ્છેદ ૧ મુજબ હિસાબી વર્ષ પુર્ણ થયાથી સમયમર્યાદા ચાલુ થાય અને તે રીતે આ કીસ્સામાં છેલ્લા બીલનુ પેમેન્ટ તા. ૦૩/૦૯/૨૦૦૨ ના રોજ થયેલ અને ત્યારથી ૩ વર્ષમાં વાદીએ દાવો દાખલ કરવાનો રહે છે. જયારે આ કીસ્સામાં વાદીએ ૩ વર્ષ પહેલા એટલે કે તા. ૩૦/૦૪/૨૦૦૫ ના રોજ દાવો દાખલ થયેલ છે અને તે ધ્યાને લેતા વાદીનો દાવો સમયમર્યાદામાં છે અને તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં છે. જેથી વાદીનો દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોવાનુ પ્રતિવાદી પુરવાર કરવામાં સફળ રહેતા ન હોય મુદા નં. ૩ નો જવાબ નકારાત્મક આપવામાં આવે છે.

મુદા નં. ૪

૧૪. વાદીએ પ્રતિવાદી પાસેથી તેમની લેણી રકમ ઉપર દાવો દાખલ થયા ત્યારથી તે રકમ વસુલ થતા સુધી વાર્ષીક ૧૮% ના વ્યાજની માંગણી કરેલ છે. પક્ષકારો વચ્ચે હાલનો કરાર વાણીજયક છે. વ્યાજ સંબંધે પક્ષકારો વચ્ચે કોઈ સ્પષ્ટ કરાર નથી. સી.પી.સી. કલમ ૩૪ વ્યાજ સંબંધે હુકમ કરવા માટેની જોગવાઈ કરે છે. વાણીજયક વ્યવહારના સંદર્ભમાં આ કલમ જણાવે છે કે, વાણીજયક લેવડ–દેવડમાં થી જવાબદારી ઉભી થઈ હોય ત્યારે વ્યાજનો દર વર્ષ છ ટકા કરતા વધુ રહી શકશે પરંતુ રાષ્ટ્રીયકૃત બેન્ક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતા વધુ હોવી જોઈશે નહી. જેથી પ્રવર્તમાન વ્યાજ દરો ધ્યાને લેતા વાદીને વાર્ષીક ૯% ના દરે દાવો દાખલ થયાથી મુદલ રકમ વસુલ થતા સુધી ચુકવવુ ન્યાયોચીત જણાય છે અને તેથી મુદા નં. ૪ નો જવાબ અંશતઃ હકારાત્મક આપી વ્યાજનો દર ૯% ઠરાવવામાં આવે છે.

મુદા નં. ૫ અને ૬

૧૫. ઉકત ચર્ચા મુજબ આ કામના વાદી તેમનુ લેણુ પુરવાર કરવામાં સફળ રહેતા હોય તેવી જ રીતે પ્રતિવાદી તેમનો બચાવ પુરવાર કરવામાં નીષ્ફળ નીવડતા હોય જેથી વાદીએ માગ્યા મુજબની દાદ

અંશતઃ મંજુર કરવી ન્યાયોચીત જણાતી હોય મુદા નં. ૫ નો જવાબ અંશતઃ હકારાત્મક આપી, ન્યાયના વિશાળ હિતમાં મુદા નં. ૬ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

૧. દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. પ્રતિવાદીને આદેશ કરવામાં આવે છે કે, વાદીને રૂા.૧૬,૯૩,૦૨૩–૦૬ પૈસા (અંકે રૂપિયા સોળ લાખ ત્રાણુ હજાર અને ત્રેવીસ અને છ પૈસા પુરા) દાવો દાખલ થયા તારીખથી તે રકમ વસુલ થતા સુધી વાર્ષીક ૯% ના વ્યાજના સાથે ચુકવી આપવા.

૩. પ્રતિવાદીએ પોતાનો તથા વાદીનો ખર્ચ ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૧૬/૦૧/૨૦૨૫

(હિરેન જે.ઠાકર)
જીજે–૦૦૯૪૦
જજ, સ્મોલ કોઝ કોર્ટ, કોર્ટ નં.૫
અમદાવાદ